**જિલ્લાશિક્ષણાધિકારીનીકચેરીસુરત**

બ્લોક-એ,ત્રીજોમાળ, જિલ્લાસેવાસદન-૨અઠવાલાઈન્સસુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gm........ veb :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪/ 15587 તા.૧૩/૧૧/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત.જિ.સુરત

**વિષય**:-"યુવા મતદાર મહોત્સવ -૨૦૨૪" ની ઉજવણી બાબત.

**સંદર્ભ**:-અધિક કલેકટર મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ગાંધીનગરના પત્ર ક્રમાંક: ઇએલસી -૧૦૨૦૨૪-૬૭૬-છ (સ્વીપ) તા.૨૩.૦૯.૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ અધિક કલેકટર મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી ગાંધીનગરના તા.૨૩.૦૯.૨૦૨૪ પત્ર અન્વયે મતદાર જાગૃત્તિ અને કેળવણી અભિયાન {SVEEP} અંતર્ગત દર વર્ષે યુવા મતદાર મહોત્સવનુ આયોજન કરવાનું રહે છે. તદઅનુસાર "યુવા મતદાર મહોત્સવ -૨૦૨૪"નુ તા.૧૧/૧૧/૨૦૨૪ થી ૨૦/૧૧/૨૦૨૪ દરમિયાન આયોજન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉકત પરિપત્રની નકલ

ELECTION IMMEDIATE

**OFFICE OF THE**
**CHIEF ELECTORAL OFFICER**
**GUJARAT STATE**

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No.: 079-23250324
079-23250319

**General Administration Department (Election Division)**
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

**ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૨૪-૬૭૬-છ(સ્વીપ)** **તા.૨૩/૦૯/૨૦૨૪**

**પ્રતિ,**
કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી (સર્વે)

વિષય: "યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪"ની ઉજવણી કરવા બાબત.

**શ્રીમાન,**

ચૂંટણી પંચની સ્થાયી સુચનાઓ અનુસાર મતદાર જાગૃતિ અને કેળવણી અભિયાન(SVEEP) અંતર્ગત દર વર્ષે યુવા મતદાર મહોત્સવનું આયોજન કરવાનું રહે છે. તદનુસાર "યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪"નું તા. ૧૧/૧૧/૨૦૨૪ થી ૨૦/૧૧/૨૦૨૪ દરમિયાન આયોજન કરવાનું રહેશે. આ દિવસો દરમ્યાન "યુવા મતદાર મહોત્સવ"ની સમગ્ર જિલ્લા ખાતે ઝુંબેશ સ્વરૂપે ઉજવણી થાય તે માટે કોઇ એક કે વધુ દિવસો નક્કી કરી આ ઉજવણીનું આયોજન કરવાનું રહેશે. વર્ષ ૨૦૨૪ માં આયોજન થઇ રહેલ યુવા મતદાર મહોત્સવ માટે નીચે દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લેવા વિનંતી છે.

૨. "યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪" માં નીચે મુજબની સ્પર્ધાઓનો સમાવેશ કરવામાં આવેલ છે

- **કેટેગરી -A** : મતદાર જાગૃતિ અંગેનો ઓડીયો/ગીત સંદેશ , શોર્ટ વીડીયો, ઇ-પોસ્ટર્સ
- **કેટેગરી -B** : ટેગલાઇન/સૂત્ર, પોસ્ટર ડીઝાઇન.

ઉપર મુજબની બંને કેટેગરીઓ માટે સ્પર્ધકોના બે જુદા જુદા વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

**વિભાગ-૧:-** આ વિભાગમાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લઇ શકશે. (ધોરણ-૯ થી ધોરણ-૧૨ અને વિજ્ઞાન /વિનયન/ વાણિજયક/ તબીબી/એન્જીનીયરીંગ તેમજ અન્ય ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓ/ કોલેજો તથા ITIના વિદ્યાર્થીઓ)

**વિભાગ-૨:-** આ વિભાગમાં ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના સામાન્ય મતદાર તરીકેની લાયકાત ધરાવતાં પરંતુ મતદાર તરીકેની નોંધણી માટે અરજી કરેલ હોય તેવા તમામ નાગરિકો ભાગ લઇ શકશે. આ ઉપરાંત આ વિભાગમાં બૂથ લેવલ અધિકારીઓ, શિક્ષકો, ચુનાવ પાઠશાળાના સભ્યો, મતદાર સાક્ષરતા કલબસના સભ્યો, વોટર અવેરનેસના નોડલ અધિકારીઓ તથા સભ્યો ભાગ લઈ શકશે.

૨. આ સ્પર્ધાઓ નીચે જણાવેલ અલગ અલગ કક્ષાએ યોજવાની રહેશે. જુદી જુદી કક્ષાઓ માટે પ્રોત્સાહનની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | સ્પર્ધાની કક્ષા | પ્રોત્સાહન |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય કક્ષાએ | પ્રથમ, દ્રીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મામલતદારશ્રીની સહીથી પ્રમાણપત્ર એનાયત કરવું. |

| | | |
|---|---|---|
| ૨ | તાલુકા કક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મતદાર નોંધણી અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર એનાયત કરવું. |
| ૩ | જિલ્લા કક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર અને રોકડ રકમ (પત્રક-૧ મુજબ) |
| ૪ | રાજયકક્ષાએ | પ્રથમ, દ્વીતીય, તૃતીય ક્રમના વિજેતાઓને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની સહીથી પ્રમાણપત્ર અને રોકડ રકમ (પત્રક-૨ મુજબ) |

૩. આ સ્પર્ધા માટેની **માર્ગદર્શક સુચનાઓ તથા કાર્યપધ્ધતિ નિયત કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ રાખેલ છે.** તદનુસાર યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૪ રાજયની દરેક માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં તથા યુવા મતદારો માટે યોજવામાં આવે તે મુજબનું આયોજન કરવા વિનંતી છે.

"યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪" માં યુવા મતદારોની ચૂંટણી પ્રક્રિયામાં ગુણવત્તાયુકત ભાગીદારી વધે તે બાબતે કેન્દ્રસ્થ રાખી આયોજન કરવાનું હોઇ, આપના જિલ્લાની તમામ ચુનાવ પાઠશાળા તથા નિયુકત થયેલ કેમ્પસ એમ્બેસેડરને આ ઈવેન્ટમાં ઘનિષ્ટ રીતે સાંકળી લેવામાં આવે તે મુજબનું આયોજન હાથ ધરવું.

- આપના જિલ્લાની દરેક શૈક્ષણિક સંસ્થાઓ કે જયાં યુવા મતદાર મહોત્સવ,૨૦૨૪ અંતર્ગત સ્પર્ધાઓનું કરવામાં આવે, તેમના તરફથી અરજીપત્રો કૃતિ સાથે નિયત કરેલ તારીખે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની કચેરીમાં રજૂ થાય તે મુજબ સુચના આપવા તથા વ્યવસ્થા ગોઠવવી.
- આપના જિલ્લાની દરેક માધ્યમિક/ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં પોસ્ટર/બેનર્સ મૂકવા, કેબલ નેટવર્ક પર સ્ક્રોલીંગ મેસેજીસ તથા એફ.એમ.ચેનલ મારફત આ કાર્યક્રમનો વિશાળ પ્રમાણમાં પ્રચાર પ્રસાર થાય તે મુજબનું આયોજન કરવા તથા દરેક સંસ્થાઓને આ હેતુ માટે નિયુકિત કરવામાં આવેલ સક્ષમ અધિકારીનું નામ તથા સંપર્ક નંબરની વિગતો પણ પુરી પાડવી.
- આ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું અધતન અરજીપત્રક આ સાથે સામેલ રાખેલ છે, જે આપના પત્ર સાથે દરેક સંસ્થા/કચેરીને મોકલી આપવાનું રહેશે.
- શૈક્ષણિક સંસ્થાઓમાં આવી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હોય, તેવી ઈવેન્ટના હાઈ રીઝોલ્યુશન્શ ડીજીટાઇઝડ ફોટોગ્રાફ/ વીડિયો સંસ્થા પાસેથી અચુક મેળવવાના રહેશે.

ઉપર મુજબની જિલ્લાકક્ષાએ થયેલ સમગ્ર કામગીરીની વિગતો આ સાથેના પત્રકમાં (Excel Sheet, English માં) તથા **દરેક વિભાગમાં વિજેતા જાહેર થયેલ ત્રણ-ત્રણ શ્રેષ્ઠ કૃતિઓ (ઑડિયો, વીડિયો, ઈ-પોસ્ટર્સના કિસ્સામાં સોફ્ટ કોપીમાં) મોડામાં મોડા તા. ૩૦/૧૧/૨૦૨૪ સુધીમાં અત્રેની કચેરીમાં મળી જાય તે રીતે મોકલી આપવા વિનંતી છે.** વધુમાં, આ સાથે સામેલ પત્રકના ફોર્મેટમાં જ માહિતી રજુ કરવી. સમયમર્યાદા બાદ મળેલ કૃતિઓને રાજયકક્ષાની સ્પર્ધા માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

આપનો વિશ્વાસુ,

23/9/24

(રિન્કેશ પટેલ)

અધિક કલેકટર

મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી

ગુજરાત.

બિડાણ : ઉપર મુજબ

# યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪ માટેની માર્ગદર્શક સૂચનાઓ:-

મુખ્ય નિર્વાચન અધિકારશ્રી, ગુજરાતના પત્ર ક્રમાંક:ઈએલસી-૧૦૨૦૨૪-૬૭૬-છ(સ્વીપ) નું બિડાણ

(૧) યુવા મતદાર મહોત્સવ – ૨૦૨૪ અંતર્ગત નીચે મુજબની કૃતિઓ તૈયાર કરવાની રહેશે.

| | | સ્પર્ધાનું નામ | વિષય/થીમ |
|---|---|---|---|
| કેટેગરી -A | (૧) | મતદાર જાગૃતિ સંદર્ભે ઓડીયો ગીત/સંદેશ – (એક થી બે મિનિટ) | ➢ મતદારયાદી, નામ નોંધણી, સુધારા વધારા<br>➢ ગીતો (મત નું મહત્વ, મતદારનું મહત્વ, લોકશાહીમાં ચૂંટણી પર્વ અથવા અન્ય ચૂંટણીલક્ષી ગીત ગુજરાતી, હિન્દી, અંગ્રેજીમાં) |
| | (૨) | મતદાર જાગૃતિ સંદર્ભે વિડીયો ( એક થી બે મિનિટના) | ➢ લોકશાહીમાં ચૂંટણીનું મહત્વ, નૈતિક મતદાન, મતદારયાદીની અગત્યતા, મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા- વધારા અંગેની સરળ/ ઓનલાઈન પ્રક્રિયા જેવી ચૂંટણી વિષયક બાબતોને આવરી લેતો વીડિયો બનાવવાનો રહેશે. |
| | (૩) | ➢ ઇ-પોસ્ટર્સ | ➢ મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા, લોકશાહી, મતદાન તથા ચૂંટણી વિષયક અન્ય ઉપયોગી માહિતી. |
| કેટેગરી -B | (૧) | ટેગલાઇન/સ્લોગન/સુત્રો | ➢ 'મારો મત મારો અધિકાર', મતનું મુલ્ય, નૈતિક મતદાન, 'સમાવેશી ચૂંટણી- દરેક મતનું મુલ્ય સમાન છે.',. **'NOTA'**, મતદાર તરીકેની નોંધણી તથા મતદારોની જાગૃતિ માટેના સુત્રો/ ટેગલાઈન/સુત્રો. |
| | (૨) | પોસ્ટર ડીઝાઇન (૧૨" x ૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ ઉપર ) | ➢ મતદારયાદીમાં નામ નોંધણીની અપીલ દર્શાવતુ પોસ્ટર |

(૨) **આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અનુસરવાની કાર્યપધ્ધતિ**

**<u>વિભાગ-૧:-</u>** આ વિભાગમાં માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજના વિધાર્થીઓ ભાગ લઇ શકશે. (ધોરણ-૯ થી ધોરણ-૧૨ અને વિજ્ઞાન /વિનયન/ વાણિજયક/ તબીબી/એન્જીનીયરીંગ તેમજ અન્ય ઉચ્ચ શૈક્ષણીક સંસ્થાઓ/ કોલેજો તથા ITIના વિધાર્થીઓ)

**<u>વિભાગ-૨:-</u>** આ વિભાગમાં ૧૮ થી ૩૦ વર્ષની વયજૂથના સામાન્ય મતદાર તરીકેની લાયકાત ધરાવતાં પરંતુ મતદાર તરીકેની નોંધણી માટે અરજી કરેલ હોય તેવા તમામ નાગરિકો ભાગ લઇ શકશે. આ ઉપરાંત આ વિભાગમાં –Voter Awareness Forum (VAF), ચુનાવ પાઠશાળાના સભ્યો તેમજ ગુજરાત રાજ્યમાં ચૂંટણી તંત્ર સાથે સંકળાયેલા જુદા જુદા વિભાગના કર્મચારીઓ/ અધિકારીઓ જેમકે, શિક્ષક, બૂથ લેવલ અધિકારી, બી.એલ.ઓ. સુપરવાઈઝર, સેક્ટર

ઓફિસર, નાયબ મામલતદાર, ક્લાર્ક , મદદનીશ મતદાર નોંધણી અધિકારી, મતદાર નોંધણી અધિકારી, નાયબ/અધિક જિલ્લા ચૂંટણી અધિકારી ભાગ લઈ શકશે.

૨.૧ સ્પર્ધામાં ભાગ લેતાં સ્પર્ધકે તેમની કૃતિ સાથે તેમનો મતદારયાદીમાં નોંધણી ક્રમાંક, મતદાર ફોટો ઓળખકાર્ડ(EPIC)ની નકલ અરજીપત્ર સાથે રજૂ કરવાની રહેશે. જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોંધાયેલ ન હોય પરંતુ મતદારયાદીમાં નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તેમણે તે ફોર્મની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે. માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને આ શરત લાગુ પડશે નહીં.

૨.૨ કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને મળેલ કૃતિઓ પૈકી જિલ્લાકક્ષાએ ઉપર જણાવેલ બંને વિભાગોમાંથી રજૂ થયેલ કૃતિઓ પૈકી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે.

૨.૩ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ રાજ્યકક્ષાએ પસંદગી સારૂ અંતે રજૂ કરવાની રહેશે.

(3) **<u>કૃતિઓ તૈયાર કરવા અંગેના માપદંડો:-</u>**

- પોસ્ટર ૧૨"x૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ પર તૈયાર કરવાના રહેશે.
- પોસ્ટર ડિઝાઈન સંપૂર્ણ ઓરીજનલ વર્ક હોવું જોઈશે. ક્લિપ આર્ટ ઈમેજને માન્ય રાખવામાં આવશે નહીં.
- મતદાર જાગૃતિ સંદર્ભે ઑડિયો/ગીત સંદેશ સોફ્ટ કોપીમાં તૈયાર કરવાના રહેશે. જે અત્રે સોફ્ટ કોપી તથા હાર્ડ કોપીમાં(સ્ક્રિપટ) રજૂ કરવાની રહેશે.
- સ્પર્ધક દ્વારા બનાવવામાં આવનાર વીડિયો ડિજીટલ સ્વરૂપે, Full HD (1080 p Quality) માં તૈયાર કરવાનો રહેશે.

(૪) **સ્પર્ધામાં ભાગ લેવા અંગેની લાયકાત:-**

- વિભાગ-૧ અંતર્ગત ભાગ લેનાર કોલેજ/યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ કે જેઓ તા.૦૧-૦૧-૨૦૨૫ ની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષની વય ધરાવતાં હોય તેવા તેમજ સામાન્ય નાગરિકની મતદાર તરીકે તેમના સામાન્ય રહેઠાણના સ્થળે નોંધણી થયેલી હોવી જોઇએ, અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં.૬ ભરેલ હોવું જોઈશે. વિભાગ-૧ માં ભાગ લેતાં માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ શરત લાગુ પડશે નહીં.
- વિભાગ-૨ અંતર્ગત ભાગ લેનાર સ્પર્ધકોના નામ મતદારયાદીમાં નોંધાયેલ હોવા જોઈએ અથવા મતદાર તરીકે નોંધણી માટે અરજી કરેલ હોવી જોઈશે.

ઉપર જણાવેલ બંન્ને કેટેગરીમાં સ્પર્ધકે જો તેમની કૃતિ સમૂહમાં કે સંયુકત રીતે તૈયાર કરેલ હોય તો, સ્પર્ધક ઉપરાંત કૃતિ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓ જો ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના હોય તેવા કિસ્સામાં મતદાર યાદીમાં નોંધાયેલ અથવા મતદાર તરીકે નોંધણી માટે ફોર્મ નં. ૬ ભરેલું હોવું જોઈશે. આવા કિસ્સામાં તેમના મતદાર ફોટો ઓળખકાર્ડની નકલ અને /અથવા જે સ્પર્ધક હાલ મતદાર યાદીમાં નોંધાયેલ ન હોય, પરંતુ મતદાર યાદીમાં નામની નોંધણી માટે ફોર્મ ભરેલ હોય તો, ફોર્મ રજૂ કર્યાની પાવતી પુરાવા તરીકે અરજીપત્ર સાથે જોડવાની રહેશે.

(૫) **અન્ય શરતો:-**

❖ વિભાગ-૧ અને ૨ અંતર્ગત ભાગ લેનાર સ્પર્ધકો માટે તારીખ: ૧૧/૧૧/૨૦૨૪ થી ૨૦/૧૧/૨૦૨૪ દરમ્યાન યોજવાની રહેશે. વિધાર્થીઓ માટે આ સ્પર્ધા જે તે શૈક્ષણિક સંસ્થામાં યોજવાની રહશે.

❖ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓ ધ્વારા તૈયાર કરવામાં આવેલ કૃતિઓ જિલ્લાકક્ષાએ પસંદગી માટે સૌ પ્રથમ જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય, કલા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલા વ્યકિત અને શિક્ષણવિદની બનેલ કમિટિ ધ્વારા શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી, આચાર્યના પ્રમાણપત્ર સહિત તેમના જીલ્લા કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના તરફથી અધિકૃત કરેલ અધિકારીને મોકલી આપવાની રહેશે.

❖ વિધાર્થીઓ સિવાયના વિભાગ-૨ અંતર્ગત ભાગ લેતા સ્પર્ધકે તેમની કૃતિઓ તેમનું નામ જે મતવિભાગની મતદાર યાદીમાં નોંધાયેલ હોય તે મતવિભાગ જે જીલ્લામાં સમાવિષ્ટ થતો હોય તે જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના ધ્વારા અધિકૃત કરાયેલ અધિકારી સમક્ષ સીધી રજૂ કરવાની રહેશે.

❖ સ્પર્ધકના પ્રવેશપત્રને જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યએ પ્રમાણિત કરી, જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્યના તથા શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો મતદારયાદીમાં નોંધાયેલ છે તેની વિગત રજૂ કરવાની રહેશે.

❖ સ્પર્ધક પોતે તેમજ પોતાના કુટુંબના સભ્યોના નામ મતદારયાદીમાં નોંધાયેલ ન હોય તો તેમના નામ મતદારયાદીમાં નોંધાવામાં આવશે તે મુજબનું એકરારનામું રજુ કરવાનું રહેશે.

❖ શાળાના / કોલેજના આચાર્યએ નિયત કરાયેલ એકરારનામું સ્પર્ધક પાસેથી પ્રવેશપત્ર મેળવવાનું રહેશે.

૪. ઉપર્યુકત બે વિભાગો માટેની કેટેગરી-A તથા કેટેગરી-B હેઠળની સ્પર્ધાઓ માટે મળેલ કૃતિઓ પૈકી જીલ્લાકક્ષા માટે શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી કરવા માટે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતા હેઠળ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે. આ સમિતિ સમક્ષ દરેક કેટેગરીની મળેલ કૃતિઓ રજૂ કરી, બન્ને વિભાગોની દરેક કટેગરી માટે શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવાની રહેશે. પસંદગી કમિટિએ તેઓને મળેલ કૃતિઓમાંથી દરેક વિભાગની દરેક કેટેગરીમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓને રાજયકક્ષાએ પસંદગી સારૂ મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીમાં રજૂ કરવાની રહેશે.

૫. યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૪ સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર જે તે શૈક્ષણિક સંસ્થાના આચાર્ય પાસે ઉપલબ્ધ કરાવવાનું રહેશે. આ સ્પર્ધા માટે નું પ્રવેશપત્ર જિલ્લા / તાલુકા કક્ષાની કચેરીએથી મેળવી શકશે.

❖ યુવા મતદાર મહોત્સવ - ૨૦૨૪ દરમ્યાન શૈક્ષણિક સંસ્થાઓ તરફથી કે વ્યકિતગત રજૂ થનાર કૃતિઓ તારીખ: ૨૫/૧૧/૨૦૨૪ સુધીમાં કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી અથવા તેમના ધ્વારા અધિકૃત કરવામાં આવેલ સક્ષમ અધિકારીને મોકલી આપવાની રહેશે.

❖ જિલ્લાકક્ષાએ દરેક કેટેગરીની સ્પર્ધાઓમાંથી શ્રેષ્ઠ ત્રણ કૃતિઓની પસંદગી માટે તારીખ ૨૮/૧૧/૨૦૨૪ સુધીમાં જિલ્લા કક્ષાની કમિટિની બેઠક બોલાવી તે અંગે નિર્ણય કરવાનો રહેશે.

❖ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ તા.૩૦/૧૧/૨૦૨૪ સુધીમાં મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરીને રાજયકક્ષાએ પસંદગી માટે રજૂ કરવાની રહેશે.

❖ જિલ્લા તરફથી મળેલ કૃતિઓ ઉપર રાજયકક્ષાની પસંદગી સમિતીની દ્વારા દરેક કેટેગરીમાં રાજયકક્ષાની શ્રેષ્ઠ ત્રણ કૃતિઓ પસંદ કરવામાં આવશે.

❖ અગાઉના વર્ષો દરમિયાન યોજવામાં આવેલ યુવા મતદાર મહોત્સવ અંતર્ગત રચવામાં આવેલ કમિટિ ચાલુ રાખવી કે કેમ તેનો નિર્ણય કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીએ કરવાનો રહેશે. જો નવી કમિટિની રચના કરવી જરૂરીયાત જણાય તો નવી કમિટિની રચના કરવાની રહેશે. તદનુસાર રાજયકક્ષાએ પણ કમિટિની રચના કરવાની રહેશે.

❖ યુવા મતદાર મહોત્સવ-૨૦૨૪ દરમિયાન જિલ્લાકક્ષાએ સ્પર્ધાના દરેક વિભાગમાં પ્રથમ ત્રણ વિજેતાને પ્રમાણપત્ર અને અનુક્રમે રૂ. ૨૫૦૦/-, રૂ.૧૫૦૦/-, અને રૂ. ૧૦૦૦/-નો રોકડ પુરસ્કાર (આ સાથે સામેલ પત્રક - ૧ મુજબ)તેમજ રાજયકક્ષાએ પ્રથમ ત્રણ વિજેતાને પ્રમાણપત્ર અને અનુક્રમે રૂ.૨૫,૦૦૦/-, ૨૦,૦૦૦/-અને રૂ.૧૫,૦૦૦/-ના રોકડ પુરસ્કાર ધ્વારા સન્માન કરવામાં આવશે. યુવા મતદાર મહોત્સવ, વર્ષ ૨૦૨૪ ના વિજેતાઓને રાષ્ટ્રીય મતદાતા દિવસ,૨૦૨૫ ના ઉજવણી દરમિયાન ઉકત વિગત મુજબ જ પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર ધ્વારા સન્માનિત કરવાના રહેશે.

❖ ગ્રામ્ય કક્ષાએ યુવા મતદાર મહોત્સવના પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોને રાષ્ટ્રીય મતદાતા દિવસ-૨૦૨૫ ની ઉજવણી દરમિયાન મદદનીશ મતદાર નોંધણી અધિકારીશ્રીની, તાલુકાકક્ષા વિજેતા સ્પર્ધકોને મતદાર નોંધણી અધિકારીશ્રીની તથા જિલ્લાકક્ષાના વિજેતાઓને જિલ્લા ચૂંટણી અધિકારીની સહીથી પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવાના રહેશે.

**********************************************************

## પત્રક – ૧

## યુવા મતદાર મહોત્સવ –૨૦૨૪ જિલ્લાકક્ષાએ થનાર ખર્ચ

| | | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમાંક | વિભાગ–૧ | વિભાગ–૨ | કૂલ |
|---|---|---|---|---|---|---|
| કેટેગરી –A | (૧) | મતદાર જાગૃતિ સંદર્ભે ઓડીયો ગીત/સંદેશ –૦૧ ( ૨–૩ મિનિટના ) | પ્રથમ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | તૃત્તીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | કૂલ | **૫૦૦૦** | **૫૦૦૦** | **૧૦,૦૦૦** |
| | (૨) | મતદાર જાગૃતિ સંદર્ભે વિડીયો (૨–૩ મિનિટના ) | પ્રથમ | ૨૫૦૦ | ૨૫૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | તૃત્તીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | કૂલ | **૫૦૦૦** | **૫૦૦૦** | **૧૦,૦૦૦** |
| | (૩) | ઇ–પોસ્ટર્સ (મતદારયાદીમાં નામ નોંધણી, સુધારણાં, લોકશાહી, મતદાન વિગેરે બાબતો ઉપર) | પ્રથમ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | દ્વિતીય | ૭૫૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| | | | તૃત્તીય | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| | | | કૂલ | **૨૦૦૦** | **૨૦૦૦** | **૪૦૦૦** |
| કેટેગરી –B | (૧) | ટેગલાઇન/સ્લોગન/સુત્રો | પ્રથમ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | દ્વિતીય | ૭૫૦ | ૭૫૦ | ૧૫૦૦ |
| | | | તૃત્તીય | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| | | | કૂલ | **૨૦૦૦** | **૨૦૦૦** | **૪૦૦૦** |
| | (૨) | પોસ્ટર ડીઝાઇન ( ૧૨" X ૧૮"ના કેન્વાસ અથવા કાર્ડબોર્ડ ઉપર ) | પ્રથમ | ૧૫૦૦ | ૧૫૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતીય | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃત્તીય | ૫૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| | | | કૂલ | **૩૦૦૦** | **૩૦૦૦** | **૬૦૦૦** |

| | | સ્પર્ધાનું નામ | વિભાગ–૧ | વિભાગ–૨ | કૂલ |
|---|---|---|---|---|---|
| કેટેગરી –A | (૧) | મતદાર જાગૃતિ સંદર્ભે ઓડીયો ગીત/સંદેશ –૦૧ ( ૨–૩ મિનિટ ) | ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૦,૦૦૦ |
| | (૨) | વિડીયો | ૫૦૦૦ | ૫૦૦૦ | ૧૦,૦૦૦ |
| | (૩) | ઇ–પોસ્ટર્સ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| કેટેગરી –B | (૧) | ટેગલાઇન/સ્લોગન/સુત્રો | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| | (૨) | પોસ્ટર ડીઝાઇન | ૩૦૦૦ | ૩૦૦૦ | ૬૦૦૦ |
| **જિલ્લા દીઠ તમામ સ્પર્ધાઓ માટે આપવાની થતી રકમ** | | | | | **૩૪,૦૦૦/–** |
| **તમામ ૩૩ જિલ્લાઓ માટેનો ખર્ચ** | | | | | **૧૧,૨૨,૦૦૦/–** |

*Application Form for the competition of Young Voters' Festival, 2024*

Recent Passport size Photographs of the applicant

| | | |
|---|---|---|
| 1 | Name of Applicant | |
| | Name of Father/ Husband | |
| | Surname | |
| 2 | Full Address of the applicant | |
| 3 | Contact details of the applicant | Landline No. |
| | | Mob No. |
| | | e-mail |
| 4 | Date of Birth | |
| | Age as on 01-01-2025 | |
| 5 | Are you registered as an elector? | |
| | If, yes | |
| | Elector Photo Identity Card No. | |
| | Name of Assembly Constituency, in which registered as an elector. | |
| 6 | Applied for category | Category-A |
| | | Category-B |
| (1) | Details of the applicant for the student category. | |
| | • Name of Educational Institute | |
| | • Full address | |
| | • Contact details of Institute | |
| (2) | Details of the applicant for the General Voters/Member of Chunav Pathshala/Teacher /BLO/VAF etc. | |
| | • Educational Qualification | |
| | • Designation | |
| | • Profession | Service / Business / Professional/Any Other |
| | • Details of profession | |
| | • Address of profession | |
| 7 | Submitted entry is Individual or in Group? | Individual / Group |
| 8 | If entry is based on traditional folk art, please give details | |

# Declaration

I hereby declare that,

I have participated in the category I / II competition arranged during Youth Voters' Festival, 2024. I assure you that, I will actively join this campaign. I will extend my active cooperation to the concerned Booth Level Officer to ensure that, all the eligible persons from among my family members, my neighbors, and the other citizens of my society and residing near my residential area get registered as voters, and if they are already registered, their names are correctly mentioned in the electoral roll.

Date:

Place:

---------------------------------------------

Signature of participant

## *CERTIFICATE*

*This is to certify that Mr. / Ms.......................................................is studying in Class.......... I ........................................Faculty. The particulars stated in the application have been scrutinized and found correct as per the school record.*

*Name of Competent Officer*

*EPIC No. of the Officer*

---------------------------------------------------

*Signature & Seal of Principal / Officer*

*Date:*

# યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૪ ની સ્પર્ધામાં ભાગ લેવા માટેનું પ્રવેશપત્ર

સ્પર્ધકનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

| | | |
|---|---|---|
| ૧ | સ્પર્ધક નું નામ | |
| | પિતા /પતિનું નામ | |
| | અટક | |
| ૨ | સ્પર્ધકનું પૂરૂ સરનામું | |
| ૩ | સ્પર્ધકનો સંપર્ક નંબર/ ઇ–મેઇલ એડ્રેસ | Land Line No. |
| | | Mob No. |
| | | e-mail |
| ૪ | જન્મ તારીખ | |
| | તા.૦૧–૦૧–૨૦૨૫ ના રોજ ઉંમર | |
| ૫ | મતદાર તરીકે નોંધણી થયેલ છે કે કેમ ? | |
| | જો હા તો | |
| | મતદાર ફોટો ઓળખકાર્ડનો નંબર | |
| | હાલ કયા વિધાનસભા મતવિભાગમાં નોંધાયેલ છો તે મતવિભામગનું નામ | |
| ૬ | કઇ કેટેગરીમાં કૃતિ રજૂ કરવાની છે. | કેટેગરી–A ☐ |
| | | કેટેગરી–B ☐ |
| (૧) | **વિદ્યાર્થી સ્પર્ધકની વિગતોઃ** | |
| | • શૈક્ષણિક સંસ્થાનું નામ | |
| | • શૈક્ષણિક સંસ્થાનું પુરૂ સરનામું | |
| | • સંસ્થાનો સંપર્ક નંબર | |
| (૨) | **સામાન્ય મતદાર/ ચુનાવ પાઠશાળાના સભ્ય/શિક્ષક/બી.એલ.ઓ/ *VAF* ની વિગતો** | |
| | • શૈક્ષણિક લાયકાત | |
| | • હોદ્દો | |
| | • નોકરી/ધંધો/વ્યસાય | |
| | • નોકરી,ધંધો,વ્યસાયની વિગત | |
| | • નોકરી,ધંધો, વ્યસાયનું સરનામું | |
| ૭ | રજૂ કરવામાં આવના કૃતિ વ્યકિતગત કે જૂથમાં | વ્યકિતગત ☐ / જૂથમાં ☐ |
| ૮ | જો કૃતિ લોકકળા આધારિત હોયતો તેની વિગતો | |

# એકરાર નામુ

આથી હું એકરાર  કરૂં છું કે,

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ મતદાર યાદી સુધારણા અભિયાન અંતર્ગત મતદારની વ્યાપક અને ગુણવત્તાયુકત ભાગીદારી અન્વયે યુવા મતદાર મહોત્સવ, ૨૦૨૪  અંતર્ગત યોજવામાં આવેલ સ્પર્ધામાં મેં કેટેગરી – **I / II** માં ભાગ લીધેલ છે, આ અભિયાનમાં હું પણ સક્રિય રીતે જોડાઇશ અને હું મારા કુટુંબના સભ્યો તથા મારા રહેણાંકના વિસ્તારમાં આવતી સોસાયટી/ફ્લેટમાં રહેતાં અને લાયકાત ધરાવતાં દરેક નાગરિકોના નામ મતદારયાદીમાં નોંધાય, તેમજ નોંધાયેલ મતદારોના નામમાં રહેલ ભૂલોની સુધારણા થાય તે માટે હું મારા વિસ્તારના બુથ લેવલ અધિકારીને મારો સહયોગ આપીશ તથા તે માટે તમામ શકય પ્રયત્નો કરીશ.

તારીખઃ

સ્થળઃ

-----------------

સ્પર્ધકની સહી

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી /શ્રીમતી/કુમારી ............................................આ સંસ્થામાં ................વર્ગ/ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે. પ્રવેશપત્રમાં દર્શાવવામાં આવેલ વિગતો ની ચકાસણી કરવામાં આવેલ છે અને તે શાળાના રેકર્ડ મુજબ બરાબર માલુમ પડેલ છે.

પ્રમાણિત કરનાર અધિકારીનું નામ
અધિકારીનો મતદાર ફોટો ઓળખ નંબર

------------------

આર્ચાય /સક્ષમ અધિકારીની સહી
અને સિકકો

## Details of competitors paraticipated  in various category during Youth Voters Festival, 2024, Dist. : .........
## (Voters' Category)

| No. | Name of Participant | Residential address | No.& Name A.C | Participation in | | | | | Committee decision | Remarks of Committee if any |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | Category-A | | | Category-B | | | |
| | | | | Jingles/ Audio | Video | E-Poster | Tagline/Slogan | Poster Design | | |
| 1 | 2 | 3 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |
| | | | | | | | | | | |

**Details of competitors paraticipated in various category during Youth Voters Festival, 2024, Dist. : …………….**

**(Student Category)**

| No. | Name of Participant | Name & Address of Educational Institution or Office or residence address | Academic Faculty & Semester or Year (Students) | No.& Name A.C | Participation in | | | | | Committee decision | Remarks of Committee if any |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Category-A | | | Category-B | | | |
| | | | | | Jingles/ Audio | Video | E-Poster | Tagline/Slogan | Poster Design | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |
| | | | | | | | | | | | |